જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૩/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૪૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી ૫૨ વ્યક્તિઓને ઝડપી ૩૫૬ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૬ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૫૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૫૧/૧૬

**કાગડાપીઠઃ** ગીતાબહેન પરેશભાઈ સરગડા (રહે.મ્યુ.હેલ્થ ક્વાર્ટર્સના છાપરાં બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૩/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ગીતાબહેનના પતિ પરેશભાઈને આરોપી (૧) વિનોદ ઉર્ફે હોકી (૨) ધર્માજી ભૈયાજી (૩) રીતેશ અને (૪) મેહુલ ઉર્ફે કુકો સાથે ખાટલા ઉપર બેસવા બાબતે બોલાચાલી ઝગડો થતા આરોપી(૧) વિનોદ ઉર્ફે હોકી અને આરોપી (૨) ધર્માજી ભૈયાજીએ ગડદાપાટુનો માર માર્યો હતો. આરોપી (૩) રીતેશ એ પગે લાકડીથી માર માર્યો હતો અને આરોપી(૪) મેહુલ ઉર્ફે કુકોએ લાકડાથી પરેશભાઈને માથાના ભાગે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત પરેશભાઈને વા.સા.હોસ્પીટલમાં લઈ જતા આઉટડોર સારવાર બાદ હોસ્પીટલમાંથી રજા આપી હતી ત્યારબાદ પરેશભાઈને ઘરે લાવતા માથામાં દુખાવો થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ એમ દેસાઈ ચલાવે છે.

## બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૫૨/૧૬

**ઈસનપુરઃ** કાંકરીયા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની યુવતીએ તા.૨૪/૩/૧૬ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૫ માહે જુનથી તા.૧૮/૧/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સુરેશ શ્રીરામ પુકાર (રહે.મહાલક્ષ્મી તલાવડી પાસે વટવા) એ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી ઈસનપુર નારોલ હાઈ-વે રાજ હોટલ તેમજ અલગ-અલગ હોટલમાં લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ આરોપીના સંબંધીઓએ ભેગા મળી યુવતીને મારઝુડ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ એન પંડ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૫૩/૧૬**

**નારણપુરાઃ** હેતલબહેન રાજેન્દ્રકુમાર ભટ્ટ (રહે.લકી એપાર્ટમેન્ટ નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૩/૧૬ સવારના ૧૦/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન હેતલબહેનની ભત્રીજી ફોરમ (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી એલ સોલંકી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૧૬**

**ચાંદખેડાઃ** મીક્કીબહેન મુકેશભાઈ જગનાથ (ઉ.વ.૩૨) (રહે.મહાવિરેનગર વિભાગ-૧/૨ ચાંદખેડા રેલવે સ્ટેશન પાછળ ચાંદખેડા) તા.૨૧/૩/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ધરતીનગર કોમ્પલેક્ષ આગળ સ્કુટર ઉભુ રાખી બાળકોને સ્કૂટર ઉપરથી નીચે ઉતારતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મીક્કીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મીક્કીબહેન જગનાથે તા.૨૪/૩/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એમ વાઢેર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૫૫/૧૬**

**“એન” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન** : તા.૨૨/૩/૧૬ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પંચરત્ન પાર્ટી પ્લોટ નજીક અજાણ્યા વાહન ચાલકે વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી વિશ્રામભાઈ શંકરભાઈ (ઉ.વ.૭૭)(રહે.જાણવા મળેલ નથી)ને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા ૧૦૮ ધ્વારા સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૪/૩/૧૬ કલાક ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એન ડીવીઝન ટ્રાફીક પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી ડી.જી.વાઘેલા ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૫૬/૧૬**

**ચાંદખેડાઃ** સંજયભાઈ માતાપ્રસાદ પટેલ (ઉ.વ.૨૫) (રહે.ગોધરેજ ગાર્ડન સીટી જગતપુર ગામ) તા.૨૪/૩/૧૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે રહેણાંકની બાજુમાં પાંણીની ટાંકી પાસે નાહતા હતા ત્યારે પાણીની ટાંકીમાં પડી જતા ડુબી જતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો. શ્રી મોહનભાઈ ભગવાનરાવ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૫૫૭/૧૬**

**માધવપુરાઃ** લીલાબહેન મફતલાલ પ્રજાપતિ (ઉ.વ.૬૦) (રહે.ગણપતપુરાની ચાલી લાખાજી કુવરજી હોલની સામે હાજીપુરા ગાર્ડન) એ બિમારીથી કંટાળી તા.૨૧/૩/૧૬ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર પોતાની જાતે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૪/૩/૧૬ કલાક ૫/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે એ ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)